# શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



સંચાલિત

# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી

## વાર્ષિક અહેવાલ :- ૨૦૨૫/૨૬







Shree Krishna Arts College, Lakhani





# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

## વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૫/૨૬

**-: સંપાદક :-**

**શ્રી પ્રકાશકુમાર જી. સુથાર**

આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી

ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર,

ભારત દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક

**-: પ્રકાશક :-**

**શ્રી બળવંતભાઈ વી. ચૌધરી**
પ્રમુખશ્રી

**શ્રી વિનોદભાઈ કે. પટેલ**
મંત્રીશ્રી

**શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી**

**-: ડિઝાઇન એડિટિંગ :-**

**શ્રી સુરેશભાઈ આર. ચૌધરી**

**આચાર્ય શ્રી**

**શ્રી ક્રિષ્ના વિદ્યાલય,લાખણી**

## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી


લાખણી – જસરા રોડ, નવા બસ સ્ટેશનની નજીક

મુ. પો. તા. – લાખણી, જિ. વાવ–થરાદ ૩૮૫૫૮૧

84019 52533

@krishnaartscollege

Krishna_education_campus

Krishna Education Campus

www.krishnacollegelakhani.org

Mo. 99989 98242, 84019 52533, 99792 13073, 94277 96321

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | વિગતનું નામ |
|---|---|
| ૧ | સંપાદકીય - શૂન્યમાંથી સર્જન |
| ૨ | પ્રાક્કથન |
| ૩ | રાષ્ટ્રીય સેવા યોજના અહેવાલ |
| ૪ | શિષ્યવૃત્તિ અહેવાલ |
| ૫ | તેજસ્વી તારલાઓ |
| ૬ | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ |




# -: સંપાદકીય :-

## -: શૂન્યમાંથી સર્જન :-

## ॥ ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ॥

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશના નામે ઓળખાતું હતું. તેમાં વર્તમાનમાં બનાસકાંઠાના નામે ઓળખાતા જિલ્લાના પ્રદેશનો સમાવેશ થતો હતો. આ બનાસકાંઠા જિલ્લામાં લાખણી તાલુકો આવેલો છે. આ લાખણી પંથકનો ઈતિહાસના કાળપટ્ટમાં હિંદવાણી પ્રદેશમાં સમાવેશ કરવામાં આવે છે.

લાખણી પંથકના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે અત્યાધુનિક શૈક્ષણિક સંકુલની અનિવાર્યતા જણાતાં તે હેતુને સિદ્ધ કરવા માટે નગરદેવી હિંગળાજ માતાજીના આશીર્વાદથી શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની રચના જાન્યુઆરી ૨૦૨૦માં કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા લાખણી ખાતે શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસનો પાયો નાખવામાં આવ્યો. આ કેમ્પસમાં કૉલેજ શરૂ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મંજૂરી માંગવામાં આવી. પરંતુ જૂના અને બિનવ્યવહારુ નિયમોના કારણે મંજૂરી મેળવવામાં ખૂબ અગવડતાઓ પડેલી. આ અડચણો વચ્ચે સુગમ રસ્તો બનાવવામાં બનાસકાંઠા જિલ્લાના પ્રજાવત્સલ અને લોકપ્રિય સાંસદ શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, લાખણી વિસ્તારના શિક્ષણપ્રેમી અને બાહોશ આગેવાન અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને બ.કાં. જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ અને સદ્દભાવના ગ્રૂપના ચેરમેન અને તત્કાલિન હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના EC મેમ્બર શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ મહાનુભાવોએ અથાગ પરિશ્રમ કરતાં લાંબા સંઘર્ષ બાદ યુનિવર્સિટી દ્વારા શરતી મંજૂરી આપવામાં આવતાં શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજના નામાભિધાન સાથે શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણકાલિન કૉલેજ પ્રસ્થાપિત કરવામાં આવી.

આ ક્ષણે કોલેજની સ્થાપના થાય તે માટે અથાગ પરિશ્રમ કરનારા મહાનુભાવો શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ, શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબ, તત્કાલિન રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા મેડમ અને માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી અશ્વિનીકુમાર સાહેબને યાદ કરીને તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. આ મહાનુભાવોના સંનિષ્ઠ પ્રયાસો થકી ઉત્તર ગુજરાતના તમામ શિક્ષણપ્રેમીઓ માટે કોલેજની મંજૂરીનો રાહ સરળ બન્યો. આપણે જોઈ રહ્યા છીએ કે, છેલ્લા કેટલાક વર્ષોમાં નાના નાના ગામડાંઓમાં પણ કોલેજોને મંજૂરી મળી રહી છે. તેનો સંપૂર્ણ યશ ઉપરોક્ત મહાનુભાવોને ફાળે જાય છે.

ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીની કઠિન શરતોને ખૂબ ટૂંકા સમયગાળામાં પરિપૂર્ણ કરીને મજબૂત ઈચ્છાશક્તિ અને સામૂહિક પ્રયાસોના પરિણામે સુંદર સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ

મળી રહે તે માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. જેના પરિણામે લાખણી તાલુકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો.

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં વિનયન વિદ્યાશાખામાં મુખ્ય વિષય  તરીકે ગુજરાતી, અંગ્રેજી, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત જેવા વિષયોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

આ સિવાય, ટ્રસ્ટ દ્વારા નાના બાળકોને પાયાના કૌશલ્ય સાથે જીવન ઘડતરના મૂલ્યોના સિંચનની સાથે સાથે ઘર આંગણે ગુણવત્તાલક્ષી શિક્ષણ, શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવા માટે પરવાનગી માંગવામાં આવતાં શિક્ષણ વિભાગ દ્વારા શાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવતાં જૂન – ૨૦૨૨ થી કેમ્પસમાં ધોરણ ૧ થી ૧૨ શરૂ કરવામાં આવેલ.

કેમ્પસમાં હેલ્પલાઇન સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ સિવાય, વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. આ સિસ્ટમ દરેક વાલીને બાળક શાળા-કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય અને તારીખ સાથેનો મેસેજ મોકલે છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. જેમાં  ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી રહ્યા છે. કૉલેજની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓને વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ બિરદાવીને વિદ્યાર્થીઓને અને સંસ્થાને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.

**-:: ભવદીય ::-**

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન પરિવાર વતી**

**પ્રોફે. પ્રકાશકુમાર સુથાર**

**કેન્દ્ર સરકાર પુરસ્કૃત યુવા લેખક**

# -: પ્રાક્કથન :-

શિક્ષણ એ વ્યક્તિત્વ ઘડતર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે પાયાનું અનિવાર્ય અંગ બની ગયું છે. ઉચ્ચશિક્ષણ સમાજને કુશળ, નિષ્ઠાવાન, મહેનતુ અને મૂલ્યવાન યુવાધન આપે છે. મૂલ્યવાન યુવાધન તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧ માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ સંસ્થાના ચોથા વર્ષના શૈક્ષણિક વર્ષ ૨૦૨૫/૨૬ ના "વાર્ષિક અહેવાલ"ને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનું સદ્દભાગ્ય અમને મળ્યું તે બદલ અમો ગૌરવાન્વિત છીએ.

શિક્ષકની નિષ્ઠા એજ શાળા-કોલેજની પ્રતિષ્ઠા છે. તેને પોતાનો જીવનમંત્ર બનાવીને અથાક પરિશ્રમના ફળસ્વરૂપે સંસ્થાએ ૧૬૧૧ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભરોસાને પ્રતિપાદિત કર્યો છે. શાળા-કોલેજની શિક્ષણ યાત્રામાં સૌથી મહત્વની બાબત એ છે કે, સૌ સંસ્થાને ઘર માનીને એક પરિવારના તાંતણે બંધાઈને સૌ કાર્ય કરી રહ્યા છે. પરિવારના સર્વે સદસ્યોનો હૃદયના ઉમળકાથી આભાર માનીએ છીએ.

કેમ્પસ સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત અને સંશોધન ક્ષેત્રે કોલેજનું નામ સતત ધબકતું રહ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે-સાથે આર્થિક રીતે મદદ કરી શકાય તે માટે સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓનો લાભ અપાવવામાં સંસ્થા જિલ્લામાં અગ્રેસર રહી છે.

કેળવણીનું કલ્પવૃક્ષ બનવા જઈ રહેલ સંસ્થાએ એક વર્ષમાં કરેલાં કાર્યોના લેખાં-જોખાંની યશગાથા વર્ણવતા વાર્ષિક અહેવાલને આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

-:: સંપાદકો ::-


**શ્રી પ્રકાશકુમાર સુથાર**
**આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ**

**શ્રી સુરેશભાઈ ચૌધરી**
**આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના વિદ્યાલય**

# શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજ-લાખણી

## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અહેવાલ

પ્રોફે. ઉમેદભાઈ એન. ચૌધરી

પ્રોગ્રામ ઓફિસર – એન.એસ.એસ. એકમ

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ અને લક્ષ્યનિર્ધારણને કેન્દ્રમાં રાખીને એન.એસ.એસ. પ્રકલ્પ કાર્ય કરી રહ્યું છે. જે અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તે બધી પ્રવૃત્તિઓમાં અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ સ્વચ્છતા અભિયાન, વાર્ષિક ખાસ શિબિર અને નડાબેટ બોર્ડર પર કરવામાં આવેલ જન્માષ્ટમી પર્વની ઉજવણી ખૂબ મહત્વની બની રહી હતી.

## સાત દિવસીય વાર્ષિક શિબિર અહેવાલ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમની વાર્ષિક (ખાસ) શિબિરનું આયોજન મુ. ફોફવાસ, તા. લાખણી મુકામે તા. ૨૧ જાન્યુઆરી થી ૨૭ જાન્યુઆરી દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્ઘાટન શ્રી બાબરાભાઈ એન. ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી ટી.પી.રાજપૂત, શ્રી હરિભાઈ પટેલ, ડૉ. કરશનભાઈ પટેલ, શ્રી નારણભાઈ દેસાઈ, શ્રી કલ્યાણભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભમાં જાણીતા તબીબ ડૉ. કરશનભાઈ પટેલે સેવા પરમો ધર્મ વિષય ઉપર બીજરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બીજા સેશનમાં લોકસંપર્ક કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેનરો સાથેની રેલી કાઢવામાં આવી હતી.

બીજા દિવસના પ્રથમ સેશનમાં સરનામા વિનાના માનવીઓને બેઠા કરવાનું અદ્દભૂત કાર્ય કરનારા શ્રી મિત્તલબેન પટેલ (સંસ્થાપક – VSSM ફાઉન્ડેશન) એ 'સમાજસેવાથી રાષ્ટ્રસેવા' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. બીજા સેશનમાં 'અંધશ્રધ્ધા નિર્મૂલન : વર્તમાન સમયની અનિવાર્યતા' કાર્યક્રમમાં ડૉ. નિતેશભાઈ પટેલે પ્રેક્ટિકલ જ્ઞાન આપીને વિદ્યાર્થીઓને અંધશ્રધ્ધાથી દૂર રહેવાની હાકલ કરી હતી.

ત્રીજા દિવસના પહેલા સેશનમાં કૃષ્ણનગર વિસ્તારમાં શ્રી હિંગળાજ માતાજી મંદિર પરિસરમાં અને શેરીઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં વસંતપંચમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, હેમ. ઉત્તર યુનિ. પાટણના એન.એસ.એસ.ના પ્રોગ્રામ કૉ– ઓર્ડિનેટરશ્રી કે.કે.ઠક્કરે શિબિરની મુલાકાત લઈને સ્વયંસેવકો સાથે સંવાદ કર્યો હતો.

ચોથા દિવસના પહેલા સેશનમાં ગ્રામદર્શન અને લોકસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ફોફવાસ અને કૃષ્ણનગર વિસ્તારમાં શિબીરાર્થીઓએ ઘરે–ઘરે જઈને લોકો સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. તેમણે ગ્રામજનોને પર્યાવરણ જાગૃતિ, પ્લાસ્ટિક મુક્ત જીવન, વ્યસનમુક્ત જીવન અને પ્રાકૃતિક ખેતી જેવા વિષયોથી વાકેફ કર્યાં હતા. આ લોકસંપર્ક દરમિયાન ડૉ. કરશનભાઈ આર. પટેલ (ક્રિષ્ના હોસ્પિટલ, થરાદ) દ્વારા ભેટ આપવામાં આવેલ 'પંચ પ્રકલ્પ' પુસ્તકની પ્રતોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં ડૉ. એસ.બી.ચારણ સાહેબે 'એક ભારત શ્રેષ્ઠ ભારત : યુવાશક્તિની ભૂમિકા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

પાંચમા દિવસના પ્રથમ સેશનમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રી જકેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં શ્રી દિલીપસિંહ સોઢા સાહેબે 'યુવાનો : દેશનું ભવિષ્ય; વિકૃતિઓથી બચીને સંસ્કારો તરફ વળીએ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

છઠ્ઠા દિવસના પ્રથમ સેશનમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ આનંદ માણ્યો હતો. બીજા સેશનમાં શ્રી ભુરાજી રાઠોડે 'ભારતીય સંસ્કૃતિ : ચારિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

સાતમા દિવસના પ્રથમ સેશનમાં આરોગ્ય ચેક–અપ કેમ્પમાં લવાણા આરોગ્ય કેન્દ્રના ડૉ. દશરથભાઈ પટેલ સહિતના સ્ટાફે સ્વયંસેવકોના આરોગ્યની તપાસ કરી હતી. બીજા સેશનમાં સમાપન સમારોહ પ્રસંગે શ્રી તેજાભાઈ પટેલ સાહેબે 'માનવ જીવનમાં માનવીય મૂલ્યોનું મહત્વ' અને ડૉ. લક્ષ્મણભાઈ રબારી સાહેબે 'વર્તમાન સમયમાં ગાંધીવિચારની અનિવાર્યતા' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજા સેશનમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ ગરબે રમ્યા હતા. આ સાત દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓએ આત્મનિર્ભર ભારત : જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી તેજાભાઇ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય શ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોગ્રામ ઓફિસર શ્રી ઉમેદભાઈ ચૌધરી, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. મેઘાબેન રબારી, પ્રોફે. લખનભાઈ દેસાઈ, પ્રોફે. અશોકભાઈ ચૌધરી, પ્રોફે. પાર્થભાઈ પરમાર, શ્રી સુરેશભાઈ ચૌધરી, શ્રી નરસિંહભાઈ રબારી સહિત સ્ટાફગણ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.



શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી કિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
National Service Scheme
"Not Me But You"




રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
:: વાર્ષિક (ખાસ) શિબિર ::
આત્મનિર્ભર ભારત : જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિર
"Not me but you"



















જળ છે તો
જીવન છે.
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
:: વાર્ષિક (ખાસ) શિબિર ::
૦૧-૨૦૨૬ થી તા.૨૭-૦૧-૨૦૨૬
આત્મનિર્ભર ભારત : જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિર
"Not me but you"
GPS Map Camera
Vav Tharad,गुजरात,भारत
Lakhani Road, Lakhani, Vav Tharad, गुजरात 385581, भारत
Lat 24.308287, Long 71.818090
Wednesday, 21/01/2026 03:09 PM GMT+05:30
Note : Captured by GPS Map Camera


સંચાલિત




રાષ્ટ્રીય સેવા યોજના
"Not Me But You"








|| सत्यमेव जयते ||


સંચાલિત




સંચાલિત
લાખણી


GAP
GPS Map Camera


સંચાલિત


National Service
॥ सत्यमेव जयते ॥


સંચાલિત




National Service Scheme
"Not Me But You"
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)










શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
National Service Scheme
राष्ट्रीय सेवा योजना

# અમે શિબિર માણી હોંશે–હોંશે






# લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં લગાવવામાં આવી ફિંગરપ્રિન્ટ સિસ્ટમ



**વિદ્યાર્થીઓ કેમ્પસમાં પ્રવેશતાં અને છૂટતાં ફિંગરપ્રિન્ટ દ્વારા વાલીઓને મેસેજ મોકલાય છે! ઉત્તર ગુજરાતમાં એકમાત્ર લાખણીની ક્રિષ્ના કોલેજમાં ફિંગરપ્રિન્ટ સિસ્ટમ**

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

આજના સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કાયમ એક ચિંતા રહેતી હોય છે, કે બાળક શાળાએ પહોંચી ગયુ હશે કે કેમ? શાળાએથી ક્યારે છુટશે? આવા પ્રશ્નોના સમાધાન માટે બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગેરહાજરનો મેસેજ મોકલવામાં આવે છે. લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આ સિસ્ટમ જૂન ૨૦૨૧થી કાર્યરત છે. કેમ્પસ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમે વાલીઓને ચિંતા મૂક્ત કર્યા છે. હાલમાં દરેક વાલીને બાળક શાળા કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

આ રીતે કામ કરે છે સિસ્ટમ

૧. કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી માટે સોફટવેરની સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

૨. સિસ્ટમમાં એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીઓના ફેશ અને ફિંગર પ્રિન્ટ રેકર્ડ કરવામાં આવેલા છે.

૩. વિદ્યાર્થી કેમ્પસમાં પ્રવેશે ત્યારે સિસ્ટમમાં ફેશ ડિટેક્ટ કરે છે અને ફિંગર આપે છે.

૪. દરેક વિદ્યાર્થીને સિસ્ટમમાં હાજરી પૂર્યા પછી જ ક્લાસરૂમમાં પ્રવેશ આપવામાં આવે છે.

૫. વિદ્યાર્થી શાળા-કોલેજ પૂરી કરીને નીકળે ત્યારે એજ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

૬. આ સિસ્ટમ વિદ્યાર્થીઓનો આવવા - જવાનો રેકર્ડ સંગ્રહિત કરે છે.

૭. સિસ્ટમમાં દરેક વિદ્યાર્થીનાં નામ, રોલ નંબર અને વાલીઓના મોબાઈલ નંબર સ્ટોર કરેલા છે.

૮. વિદ્યાર્થી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બે સેકન્ડમાં જ વાલીને સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

૯. વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં ગેરહાજર રહેતો વાલીઓને મેસેજ મોકલાય છે.

વાલીઓની ચિંતા હળવી કરવા માટે સંસ્થા દ્વારા આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થી શાળા કોલેજમાં આવતાં અને જતાં ફેશ ડિટેક્ટ અને ફિંગર આપે છે. જેના કારણે વાલીઓ નિર્ભય રીતે બાળકને ભણવા મુકી રહ્યાં છે.

– પ્રવિણભાઈ વજીર

આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ આ સિસ્ટમનો લાભ કેમ્પસમાં ચાલતી શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કોલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિકના વિદ્યાર્થીઓને મળે છે.



# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ,લાખણી

## શિષ્યવૃત્તિ અહેવાલ

## નેશનલ સ્કોલરશિપ યોજના – 2025/26

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ (ધોરણ–12 માં 80+ PR ધરાવતા) થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે રૂ. 12,000/- શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 67 અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા 32 અને 2025/26 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 68 વિદ્યાર્થીઓને નેશનલ સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજના - 2025/26

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે (ધોરણ – 12 માં 80+ PR ધરાવતા) ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 01 વિદ્યાર્થીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

## ડિજિટલ ગુજરાતની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી

નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક સહાયરૂપ માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેનાં ઓનલાઈન ફોર્મ ડિજિટલ ગુજરાતની વેબસાઇટ પર ભરવામાં આવે છે. રાજ્ય સરકારની આ યોજનાનો લાભ આર્ટ્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા --- વિદ્યાર્થીઓને મળ્યો છે.

| CAST | OBC / EWS | SC | ST | TOTAL |
|---|---|---|---|---|
| TOTAL STUDENTS | 1064 | 121 | 18 | 1203 |

# અમને ગૌરવાન્વિત કરનારા તેજસ્વી તારલાઓ

## એડમિશન – જૂન ૨૦૨૧ (BATCH - 1)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|---|---|
| | **બી.એ.સેમ – ૧ (ફેબ્રુઆરી – ૨૦૨૨)** | | | **બી.એ.સેમ – ૨ (મે – ૨૦૨૨)** | |
| ૧ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૯૫.૩૩ | ૧ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૮.૫૦ |
| ૨ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૯૩.૮૩ | ૨ | પંચાલ કિંજલબેન ભરતભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી કિંજલબેન ચેલાભાઈ | ૯૨.૧૬ | ૩ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૮.૦૦ |
| | **બી.એ.સેમ – ૩ (નવેમ્બર – ૨૦૨૨)** | | | **બી.એ.સેમ – ૪ (માર્ચ – ૨૦૨૩)** | |
| ૧ | પરમાર ચેતનાબેન નટવરજી | ૮૧.૦૦ | ૧ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૯.૮૩ |
| ૨ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૯.૮૩ | ૨ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૭૭.૩૩ | ૩ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૭૮.૦૦ |
| | **બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર – ૨૦૨૩)** | | | **બી.એ.સેમ – ૬ (માર્ચ – ૨૦૨૪)** | |
| ૧ | મકવાણા જયશ્રીબેન નાનજીભાઈ | ૭૯.૮૩ | ૧ | મકવાણા જયશ્રીબેન નાનજીભાઈ | ૮૦.૧૬ |
| ૨ | પ્રજાપતિ રિંકલબેન મશરૂભાઈ | ૭૯.૧૭ | ૨ | ચમાર જીનલબેન ભૂરાભાઈ | ૮૦.૦૦ |
| ૩ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૦૦ | ૩ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૭૯.૦૦ |

## એડમિશન – જૂન ૨૦૨૨ (BATCH - 2)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|---|---|
| | **બી.એ.સેમ – ૧ (નવેમ્બર – ૨૦૨૨)** | | | **બી.એ.સેમ – ૨ (એપ્રિલ – ૨૦૨૩)** | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ | ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૨.૫ |
| ૨ | ચૌધરી સુરેશભાઈ ગણેશભાઈ | ૮૦.૩૩ | ૨ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૦.૦૦ |
| ૩ | ચૌધરી નર્મદાબેન નશાભાઈ | ૮૦.૦૦ | ૩ | ચૌધરી નિકિતાબેન સોનાભાઈ | ૭૯.૮૩ |
| | **બી.એ.સેમ – ૩ (ઓક્ટોબર – ૨૦૨૩)** | | | **બી.એ.સેમ – ૪ (માર્ચ – ૨૦૨૪)** | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ | ૧ | ચૌધરી નિકિતાબેન સોનાભાઈ | ૮૦.૬૬ |
| ૨ | ચૌધરી પાયલબેન જગતાભાઈ | ૮૧.૦૦ | ૨ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૭૯.૩૩ |
| ૩ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૦૦ | ૩ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૭૮.૬૬ |
| ૩ | ચૌધરી હરજીભાઈ ભગવાનભાઈ | ૮૦.૮૩ | | | |
| | **બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર – ૨૦૨૪)** | | | **બી.એ.સેમ – ૬ (માર્ચ – ૨૦૨૫)** | |
| ૧ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૧.૬૬ | ૧ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૨.૮૩ |
| ૨ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૩૩ | ૨ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૨.૧૬ |
| ૩ | ચૌધરી મિત્તલબેન ચેલાભાઈ | ૮૧.૦૧ | ૩ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૮૩ |

| એડમિશન – જૂન ૨૦૨૩ (BATCH - 3) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
| બી.એ.સેમ – ૧ (નવેમ્બર – ૨૦૨૩) | | | બી.એ.સેમ – ૨ (એપ્રિલ – ૨૦૨૪) | | |
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૮.૩૬ | ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૭.૮૨ |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | ૮૫.૮૧ | ૨ | ચૌધરી મિત્તલબેન જેવતાભાઈ | ૮૪.૭૩ |
| ૩ | બાજક ઉર્મિલાબેન જેથાભાઈ | ૮૪.૯૧ | ૩ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | ૮૩.૬૪ |
| બી.એ.સેમ – ૩ (ઓક્ટોબર – ૨૦૨૪) | | | બી.એ.સેમ – ૪ (એપ્રિલ – ૨૦૨૫) | | |
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૮૫.૬૩ | ૧ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | ૮૫.૮૨ |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | ૮૫.૪૫ | ૨ | રાજપુરોહિત રીતુબેન રમેશભાઈ | ૮૫.૪૫ |
| ૩ | ચૌધરી સંગીતાબેન કેશરાભાઈ | ૮૪.૩૬ | ૨ | ચૌધરી ભારતીબેન મફાભાઈ | ૮૫.૪૫ |
| | | | ૩ | રાઠોડ હરેશભાઈ જીવાભાઈ | ૮૫.૦૯ |
| બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર – ૨૦૨૫) | | | | | |
| ૧ | રાઠોડ હરેશભાઈ જીવાભાઈ | ૮૫.૦૯ | ૨ | હડીયલ ગાયત્રીબેન વજેશીભાઈ | ૮૪.૯૧ |
| ૩ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | ૮૪.૩૬ | ૩ | પરમાર જિગીષાબેન દિનેશભાઈ | ૮૪.૩૬ |
| ૩ | પ્રજાપતિ રીન્કાબેન ધરમશીભાઈ | ૮૪.૩૬ | ૩ | સુથાર આરતીબેન મણાભાઈ | ૮૪.૩૬ |
| એડમિશન – જૂન ૨૦૨૪ (BATCH - 4) | | | | | |
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
| બી.એ.સેમ – ૧ (ડીસેમ્બર – ૨૦૨૪) | | | બી.એ.સેમ – ૨ (એપ્રિલ – ૨૦૨૫) | | |
| ૧ | ચૌધરી મનીષાબેન મૂળાભાઈ | ૮૬.૦૧ | ૧ | ચૌધરી દક્ષાબેન લક્ષ્મણભાઈ | ૮૫.૮૨ |
| ૨ | ચૌધરી પ્રિયંકાબેન જીવણાભાઈ | ૮૫.૨૭ | ૨ | ચૌધરી મનીષાબેન મૂળાભાઈ | ૮૪.૯૧ |
| ૩ | ચૌધરી અવનીબેન વિહાભાઈ | ૮૪.૯૧ | ૨ | ચૌધરી અવનીબેન વિહાભાઈ | ૮૪.૯૧ |
| | | | ૨ | ચૌધરી નયનાબેન રમેશજી | ૮૪.૯૧ |
| | | | ૩ | ચૌધરી પ્રિયંકાબેન જીવણાભાઈ | ૮૪.૭૨ |
| | | | ૩ | ચૌધરી ભૂમિકાબેન ભાણાભાઈ | ૮૪.૭૨ |

**ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા સૌ વિદ્યાર્થીમિત્રોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.**

# શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજને ગૌરવાન્વિત કરનારા છાત્રો...!

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | હાંસલ કરેલ સિદ્ધિ |
|---|---|---|
| ૧ | માળી ગાયત્રીબેન રાજાભાઈ | યોગાસનમાં ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ વિજેતા. |
| | | યોગાસન એસોસિયેશન દ્વારા રાયપુર [છતીસગઢ] માં આયોજિત યોગાસનમાં સ્પર્ધામાં નેશનલ કક્ષાએ ચેમ્પિયન. |
| ૨ | મકવાણા અલ્પેશકુમાર ચીકાજી | હેમ. ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા આયોજિત રમતોત્સવમાં ફેન્સિંગ સ્પર્ધામાં વિજેતા. |
| | | ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટી ફેન્સિંગ સ્પર્ધામાં અમૃતસર [પંજાબ]માં હેમ. ઉત્તર ગુજરાત યુનિ.નું પ્રતિનિધિત્વ કર્યું. |
| ૩ | ચૌધરી મિત્તલબેન મહેશભાઈ | સાંસદ ખેલ મહોત્સવમાં વોલીબોલ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ચેમ્પિયન. |
| ૪ | ચૌધરી દિપીકાબેન ડામરાભાઈ | |
| ૫ | ચૌધરી ઉર્વીબેન નાથાભાઈ | ખેલમહાકુંભમાં તાલુકા કક્ષાએ ૨૦૦ મીટર દોડમાં ચેમ્પિયન. |
| ૬ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | લગ્નગીત સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. |
| ૭ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | |
| ૮ | ચૌધરી વિનાબેન રેવાભાઈ | |
| ૯ | પુરોહિત દિપીકાબેન તળશાભાઈ | |
| ૧૦ | સાંગ્રા રાહુલભાઈ ભગવાનભાઈ | |
| ૧૧ | ચૌહાણ આશાબેન કંથળાભાઈ | લોકગીત સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. |
| ૧૨ | સાંગ્રા રાહુલભાઈ ભગવાનભાઈ | |
| ૧૩ | સુથાર પ્રવીણભાઈ વીરાભાઈ | |
| ૧૪ | ચૌધરી જીજ્ઞાબેન હરીભાઈ | વક્તવ્ય સ્પર્ધામાં તાલુકા કક્ષાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો. |














# અમારા બે શબ્દો...

સૌને અમારા પ્રણામ.

આજે અમારે વાત કરવી છે અમારા અનુભવોના ભાથાની. શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યાથી લઈને આજ સુધી અનેક અનુભવોનું ભાથું અમને મળ્યું છે. એ ભાથાના પોટલાંને આપની સમક્ષ ખુલ્લુ મૂકતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ તટે શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરીને અમને અમારી પાંખોનો વ્યાપ વધારવાની ખૂબ મોટી તક મળી છે. અનુભવી પ્રોફેસરોના લેક્ચરોમાંથી અમને બાહ્ય દુનિયાના દર્શન થયાં છે. તેનાથી જ અમારો વિકાસ થઈ શક્યો છે. આજના હરીફાઈના જમાનામાં કોલેજો ઍડમિશન માટે મોટા-મોટા વાયદા અને ઠાલાં વચનો આપતી હોય છે. આ કોલેજમાં અમને એનાથી ઉલટું વાતાવરણ જોવા મળ્યું. એક પણ મોટો વાયદો સાંભળવા નથી મળ્યો કે નથી મળ્યા ઠાલાં વચનો. અહીં તો અમને નક્કર અને શ્રેષ્ઠ કામ જોવા મળ્યું છે. ઍડમિશન લેવા આવ્યા ત્યારે જે વાત કરવામાં આવી હતી; તે વાતની સત્યતાની ખાતરી આજે થાય છે. ઍડમિશન સમયે ટીમ ક્રિષ્ના ઉપર મુકેલો ભરોસો આજે  પણ અકબંધ રહ્યો છે. તેમણે અમારા ભરોસાને તોડવા દીધો નથી.

ગામડાંના માતા-પિતા ઈચ્છતાં હોય છે કે મારી દીકરી ઉચ્ચ અભ્યાસ કરીને સારી નોકરી મેળવે. પણ આજના સમયમાં બહેનોને એકલા ભણવા મોકલે કોણ? કારણ કે આજના સમયમાં બહેનો સુરક્ષિત નથી. પરંતુ આ કોલેજની સ્થાપનાએ ગામડાંમાં વસતા માતા-પિતાની ચિંતાને દૂર કરી છે. કારણ કે,  આ કોલેજમાં પ્રવેશ મેળવવા આવ્યા ત્યારે સાહેબ કહેતા હતા કે બહેનોની સુરક્ષાની માટે અમે કટીબદ્ધ છીએ. તે વાત યાદ કરતાં આજે ખૂબ આનંદ થાય છે કે, આ દુનિયામાં ગરીબ અને મધ્યમ વર્ગની બેન દીકરીઓની ચિંતા કરવાવાળું પણ કોઈક છે. વાલીઓની ચિંતાને દૂર કરવા આ કોલેજે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લઈ બાયોમેટ્રિક સિસ્ટમ ઊભી કરી છે. આ બાયોમેટ્રિક સિસ્ટમ વાલીને આવતાં અને જતાં એમ બે વાર મેસેજ કરીને જાણ કરે છે કે તમારી દીકરી કોલેજમાં પહોંચી ગઈ છે અને હવે કોલેજમાંથી નીકળી છે. ઍડમિશન લેતી વખતે આ સિસ્ટમની વાત સાંભળી હતી ત્યારે આશ્ચર્ય થતું હતું કે આવું કઈ રીતે શક્ય બને. પણ આજે આ સિસ્ટમનું મૂલ્ય સમજાય છે કે અમે આ સિસ્ટમના કારણે સુરક્ષિત બની, નિર્ભિક બનીને અમે અમારો અભ્યાસ કરી શકીએ છીએ. તેનું પરિણામ આજે દેખાય છે કે કોલેજમાં ભાઈઓ કરતાં બહેનોની સંખ્યા વધારે છે.

આજના જમાનામાં કોલેજની વ્યાખ્યા લોકો અલગ-અલગ કરતા હોય છે. એમાં પણ વિદ્યાર્થી અને વાલીના મનમાં તો કોલેજ એટલે મજા કરવાનું કે છુટથી કોઈપણ જાતની રોકટોક વિના હરવા-ફરવાનું સ્થળ. પણ આ કોલેજમાં એ વ્યાખ્યા તદ્દન ખોટી સાબિત થાય છે. કારણ કે આ કોલેજમાં વિદ્યાર્થીઓ શાળાના અભ્યાસ દરમિયાન જેવી રીતે શિસ્તમાં રહેતા હતા એ રીતે રહે છે અને રીતે અભ્યાસ કરે છે. ગુરુજનો અભ્યાસની સાથે-સાથે સંસ્કૃતિ અને સંસ્કારના પાઠ શીખવે છે. તેના કારણે વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે છે. તેની સાબિતી કોલેજના પરિણામ પરથી મળે છે.

આપણે જોતા હોઈએ છીએ કે ઘણી વાર વિદ્યાર્થીઓને સેમેસ્ટર પૂરું થયા આવ્યું હોય પણ અભ્યાસક્રમ શું હોય છે તેની ખબર નથી હોતી કે નથી પુસ્તક કે મટીરીયલની ખબર હોતી. પણ આ કોલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીને કોલેજે એપ્લિકેશનની વિશેષ અને વિશિષ્ટ સુવિધા આપી છે. તે એપ્લિકેશનમાં વિદ્યાર્થીએ કેટલા પેપર ભણવાના અને તેનું મટીરીયલ શું હોય છે તે બધું જ વિદ્યાર્થી ઈચ્છે ત્યારે જોઈ શકે છે, વાંચી શકે છે અને તેનો લાભ લઈને ભણી શકે છે. આ એપ્લિકેશન વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કારણ કે, અભ્યાસક્રમ અને પુસ્તકો સહિતની બધી જ અગત્યની વસ્તુઓ એમાં જોવા મળે છે.

આમ, કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને અનેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. તેના સહારે વિદ્યાર્થી પોતાની નૈયાને પાર ઉતારે છે.



જય હિંદ... જય ભારત...

ચૌધરી જીજ્ઞાબેન હરિભાઈ
કેશરસિંહ ગોભિયા



ઠાકોર વિક્રમભાઈ લાખાજી
દેતાલ-ડુવા

# તણાવ મુક્ત જીવન જીવવા માટે મેડિટેશન જરૂરી

## નડાબેટ ઈન્ડો-પાક બોર્ડર પર કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં કોલેજના પચાસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

(રખેવાળ) થરાદ

સરહદી નડાબેટ ઈન્ડો-પાક બોર્ડર પર એન.એસ.એસ. એકમ શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજ, લાખણી અને સહજ યોગ સેન્ટર, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે મેડિટેશનનું મહત્વ અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.




ફોટો| વિષ્ણુ દવે




કાર્યક્રમમાં કોલેજના પચાસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સહજ યોગ સેન્ટર, પાલનપુરના ટ્રેનર કામરાજ ચૌધરી, રમેશભાઈ ઠાકોર, ભરતભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલએ મેડિટેશન - ધ્યાનનું મહત્વ સમજાવીને ધ્યાન કઈ રીતે કરી શકાય તે અંગેની સમજ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આનંદ અને શાંતિ માટે મેડિટેશન એક ખુબ સારો ઉપચાર છે. મેડિટેશન કરવાથી આપણે ચિંતા અને તણાવથી મુક્ત રહીએ છે. ઓવરથિંકિંગ જેવી સમસ્યાથી પણ તેના કારણે છુટકારો મળે છે. તેમણે કોલેજના વિદ્યાર્થીઓએ ઝીરો પોઈન્ટ અને મ્યુઝિયમ નિહાળ્યું હતું. સાંજના સમયે સૈનિકો દ્વારા કરવામાં આવતી પરેડ નિહાળી હતી. કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ સહિત એન.એસ.એસ.માં જોડાયેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


GALLERY 1
GALLERY 6


PAKISTAN
150 METER
BORDER
NADABET
Bravest




NADABET
Super Ego
Ego
Ida Nadi
Spirit
GUARDIANS AT THE EDGE

# રક્ષાબંધન પર્વની ઉજવણી









# સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં ૭૯માં સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન કરીને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ધ્વજવંદન શ્રી કાનજીભાઈ પટેલના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.











# નડાબેટ બોર્ડર પર જન્માષ્ટમી પર્વની ઉજવણી

**નડાબેટ કૃષ્ણમય બન્યું : શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી દ્વારા ઇન્ડો-પાક બોર્ડર પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

સરહદી નડાબેટ ઈન્ડો-પાક બોર્ડર પર શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી, શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમી પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નેવું વિદ્યાર્થીઓએ ભાગ લઈને રાધા-કૃષ્ણનો રાસ, ડાન્સ, ગરબા, નાટક, પિરામિડ, મટકી ફોડ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ખૂબ સારું પ્રદર્શન કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ કૃષ્ણના ગીતોના તાલે ગરબે રમીને આનંદ માણ્યો હતો. આ સિવાય, વિદ્યાર્થીઓએ ઝીરો પોઈન્ટ અને મ્યુઝિયમ નિહાળ્યું હતું. સાંજના સમયે સૈનિકો દ્વારા કરવામાં આવતી પરેડ નિહાળી હતી. કાર્યક્રમમાં પર્યટકો, નડાબેટ સ્થિત આયોજકો, ટીમ ક્રિષ્ના લાખણી સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




NADABET
INDO-PAK BORDER
Shri Krishna
Janmashtami
Celebration


NADABET
INDO-PAK BORDER
GUARDIANS AT THE EDGE



# એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીમાં નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને એન.એસ.એસ. એકમનો પરિચય કરાવવાના હેતુથી એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ અને પ્રમાણપત્ર એનાયત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ ચૌધરી, આચાર્યશ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોગ્રામ ઓફિસર ઉમેદભાઈ ચૌધરી સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.










# શિક્ષક દિનની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજમાં આચાર્યની ભૂમિકા મધુબેન ચૌધરી અને ઉપાચાર્યની ભૂમિકા વિદેશભાઈ ચૌધરીએ સુપેરે નિભાવી હતી. છેલ્લે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. કાર્યક્રમમાં સ્ટાફગણ સહિત અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








# કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણી અને ધી અધિકારી એકેડમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધી અધિકારી એકેડમીના ડાયરેક્ટશ્રી જીગ્નેશભાઈ ચૌધરી, ભગીરથસિંહ રાઠોડ, ફેકલ્ટી ડૉ. આશાબેન પટેલ, ડૉ. જગદીશભાઈ ચૌધરી, શ્રી અનીશભાઈએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કેવી રીતે કરવી અને કઈ બાબતોની કાળવી લેવી જેવી અનેક બાબતો અંગે સમજ આપી હતી. કાર્યક્રમમાં શ્રી બાબરાભાઈ ચૌધરી, શ્રી ટી. પી. રાજપૂત, શ્રી હરિભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટીશ્રી તેજાભાઇ પટેલ, મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, આચાર્ય શ્રી પ્રકાશભાઈ સુથાર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા.






# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણી

## -: રાષ્ટ્રીય સેવા યોજના :-




**શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીના એન.એસ.એસ.એકમ દ્વારા ભાદરવી પૂનમ - અંબાજી મહામેળામાં શ્રમકાર્ય કરવામાં આવ્યું.**



# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણી

## -: રાષ્ટ્રીય સેવા યોજના :-




**શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીના એન.એસ.એસ.એકમ દ્વારા ભાદરવી પૂનમ - અંબાજી મહામેળામાં શ્રમકાર્ય કરવામાં આવ્યું.**



# એન.એસ.એસ. સ્થાપના દિવસની ઉજવણી

## શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણીના એન. એસ. એસ. એકમ દ્વારા એન.એસ.એસ. સ્થાપના દિવસની ઉજવણીના અનુસંધાને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી જકેશ્વર મહાદેવ મંદિર પરિસર – ગેળા રોડ લાખણી અને શ્રી બ્રહ્માણી માતાજી મંદિર પરિસર – મહાદેવપુરા એમ બે ધાર્મિક મંદિરોમાં વિદ્યાર્થીઓએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. કાર્યક્રમમાં મંત્રીશ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય શ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. લખનભાઈ દેસાઈ, પ્રોફે. મેઘાબેન રબારી, પ્રોફે. અર્જુનભાઈ ચૌધરી, પ્રોફે. પાર્થ પરમાર સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








# નવરાત્રી પર્વની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ગીત, સંગીત અને નૃત્યધારા અંતર્ગત આદ્યશક્તિ મા જગદંબાના નવલા નોરતાં નિમિત્તે એક દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા ઉત્સવનો પ્રારંભ મા અંબાની આરતી કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાદેશિક વેશભૂષાઓમાં સજ્જ થઈને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ મન મૂકીને ડી.જે.ના તાલે ગરબે રમ્યા હતા.





# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણી-રાજસ્થાન પ્રવાસ 2025













# પ્રજાસત્તાક પર્વની દિવસની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં ૭૭ માં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન કરીને ડાન્સ, ગરબો, નાટક, વકતવ્ય અને દેશભક્તિગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ધ્વજવંદન શ્રી વિરભાણભાઈ પટેલના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું.

















॥ सत्यमेव जयते ॥
શ્રી ક્રિષ્ના
એજ્યુકેશન કેમ્પસ
લાખણી
Shree Krishna Education Campus Lakhani




SHIVSHAKTI STUDIO










# ચાર દિવસીય રમતોત્સવ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ખેલકૂદ ધારા અંતર્ગત ચાર – દિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કબડ્ડી, ખો–ખો, વૉલીબોલ, લાંબી કૂદ, ઊંચી કૂદ, દોડ, ત્રિપગી દોડ, ત્રિપલ જંપ, વોલીબોલ, સંગીત ખુરશી, ગોળાફેંક, ખારી, અને રસ્સા ખેંચ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.






Jul 28, 2025, 09:58


Jul 29, 2025, 10:18


28, 2025, 12:05





# કાનૂની માર્ગદર્શન કાર્યક્રમ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં એન.એસ.એસ. એકમ અને આગથળા પોલીસના સંયુક્ત ઉપક્રમે કાનૂની માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




